
## વડીલોને વંદન
## અભિનંદન



રમણલાલ મગનલાલ શ્રીમાળી
(૧૯૪૩)મો.૯૮૭૯૪૫૬૫૧૭

## પ્રાંતિજમાં સુથાર સમાજનો સમૂહ યજ્ઞોપવિત યોજાયો

પ્રાંતિજ, તા.૨૬

પ્રાંતિજ ખાતે વૈશ્ય સુથાર સમાજનો તૃતીય સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઓગણીસ બટુકોએ શાસ્ત્રોક્ત વિધિથી જનોઈ ધારણ કરી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ પાસે આવેલ શ્રી વિશ્વકર્મા વૈશ્ય સુથાર સમાજ દ્વારા આ વર્ષે તૃતીય સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો હતો. સમાજના લોકો ઉત્સાહપૂર્વક યજ્ઞ પવિત્ર વિધિમાં જોડાયા હતા અને બટુકોને આશીર્વાદ આપ્યા હતા. સમાજના યુવાનો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવૃત્તિને વડીલોએ આવકારી હતી અને આગામી દિવસોમાં સમાજના ઉત્સાહ માટેના અન્ય કાર્યક્રમો કરે અને સમાજનો વિકાસ થાય તેવી સમાજના વડીલોએ ભાવના વ્યક્ત કરી હતી.

## વડનગરમાં ભવ્ય આતશબાજી કરી ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહનું જીવંત પ્રસારણ તેમના ગામ વડનગર ખાતે કરવામાં આવ્યું હતું. સમગ્ર વડનગરમાં આજે ખુશીના માહોલમાં ગ્રામજનોએ ભવ્ય ઉજવણી કરી હતી. ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદીએ આજે દેશના વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. નરેન્દ્ર મોદીના ભવ્યાતિભવ્ય શપથગ્રહણ સમારોહને મોદીના ગામ વડનગરના લોકો પણ માણી શકે તે માટે વડનગર ગામના ઓપન એર થિયેટર ખાતે નરેન્દ્ર મોદીના શપથવિધી સમારોહનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઓપન એર થિયેટર ખાતે સમગ્ર વડનગરના લોકો એકઠા થયા હતાં. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા ત્યારે ગ્રામજનો દ્વારા આતશબાજી કરીને ઉજવણી કરવામાં આવી હતી.





આજે દેશની રાજધાની દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં મહામહિમ રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખર્જીએ ભારતના વડાપ્રધાન તરીકે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદીને હોદ્દાની રૂએ બંધારણનુસાર શપથ લેવાડવતા જ દેશમાં નવા યુગનો આરંભ થયો છે. દેશવાસીઓના દિલના કરોડો અરમાનો પુરા કરવાની દિશામાં પ્રચંડ બહુમતિ હાંસલ કરી સત્તા સ્થાને બિરાજતા ૨૭૨ને બદલે એકલા ભાજપની ૨૮૨ અને એન.ડીએ.ની ૩૩૫ બેઠકો સાથે ૧૦ વર્ષ બાદ સરકાર બનાવવામાં સફળ રહી છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાં તમામ તાલુકા મથકો પર ભાજપના કાર્યકર્તાઓ અને આમ પ્રજાએ ભવ્ય ઉજવણી કરી ઠેર ઠેર આતશબાજી કરી હતી. જિલ્લા મથક પાલનપુર ખાતે નગરપાલિકા સભાખંડમાં પ્રમુખ હસમુખ પઢીયાર અને તેમની ટીમે મ્યુ. સભ્યો સ્ટાફ - પત્રકારો સાથે શપથવિધિને ટી.વી. પર લાઈવ નિહાળી હતી. નરેન્દ્ર મોદીએ શપથ લેતાં જ ભારત માતા કી જય, વંદે માતરમ્ કહી મીઠાઈઓ વહેંચી પાલિકા પ્રાંગણમાં ફટાકડા ફોડીને વિજ્યોત્સવ મનાવ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# અમદાવાદ સહીત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો દ્વારા મોદીના શપથ સમારોહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

નરેન્દ્ર મોદી આજે વડાપ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા તે સમયે ગુજરાતના તમામ શહેરો અને જિલ્લા તાલુકા મથકોએ લોકોએ રોશની અને આતશબાજી કરીને મોદીને વડાપ્રધાન બનતા તેને વધાવી હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી.

નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમયે રાજ્યમાં રોશની અને આતશબાજી કરીને ઉજવવા માટેનો કાર્યક્રમ ભાજપ દ્વારા આપવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે આજે સાંજે ૬ કલાકે નરેન્દ્ર મોદીએ દેશના વડાપ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા હતા.

આ સમયે ગુજરાતના તમામ શહેરો નગરપાલિકા વિસ્તાર જિલ્લા તાલુકા મથકોપર ભાજપના કાર્યકરો દ્વારા શહેરમાં રોશની કરવામાં આવી હતી અને ભવ્ય આતશબાજી કરીને નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા તેને હર્ષોલ્લાસ સાથે વધાવીને ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત ગુજરાતના સુપ્રસિદ્ધ એવા સોમનાથ મંદિરમાં સાંજના ૬ કલાકે જળાભિષેક કરીને શિવપૂજા કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે શપથગ્રહણ કર્યા તે સમયે મંદિરમાં શંખનાદ અને ઘંટરાવ કરીને ઉજવણી કરવામાં આવી હતી. એટલું જ નહી મંદિરમાં એક હજાર દિવડાઓ પ્રગટાવીને રોશની કરવામાં આવી હતી.

નરેન્દ્ર મોદીના મતવિસ્તાર બરોડામાં લોકોએ સમગ્ર શહેરમાં રોશની કરી હતી. તેમજ મોદીએ શપથગ્રહણ કર્યા તે સમયે લોકોને મીઠાઈ ખવડાવીને મીઠા મોંઢા કરાવ્યા હતા.

## ગોમતીપુરમાં અથડામણ : અનેક દુકાનો અને વાહનો સળગાવાયા

અમદાવાદ શહેરના ગોમતીપુર વિસ્તારમાં અથડામણનો બનાવ બનતા ભારે તંગદીલી ફેલાઈ ગઈ હતી. અથડામણ દરમિયાન ઉશ્કેરાયેલા ટોળાએ એકબીજા પર જોરદાર પત્થર મારો કર્યો હતો અને વાહનોને આગ પણ ચાંપી હતી. અમદાવાદના જોઈન્ટ પોલીસ કમિશનર મનોજ શશીધરે કહ્યું હતું કે, હિંસાને કાબુમાં લેવા ટીયર ગેસના સેલ છોડાયા હતા. જેમાં ચાર લોકોને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. કાર અથડાવવાના બાબતે આ બનાવ બન્યો હતો.



આવા ધોમધખતા તાપમાંયે કાળી મજુરી કરી રહેલ આ સ્ત્રીઓની દશા વિશે સમાજ સેવી સંસ્થાઓએ દરકાર કરવા જેવી ખરી...! (તસવીર : કશ્યપ નિમાવત)

# આસારામની ગેરહાજરીમાં કોર્ટે દુષ્કર્મ કેસ કમિટ કર્યો

## ગાંધીનગર કોર્ટે ભૂતકાળના એક ચુકાદાને આધાર બનાવી આસારામ સામે કેસ સેશન્સ કોર્ટમાં ટ્રાન્સફર કરી દીધો

ગાંધીનગર, તા.૨૬

દુષ્કર્મ કેસમાં સંકળાયેલા આસારામ બાપુ પાંચ વખત સમન્સ પાઠવ્યા છતાં કોર્ટમાં હાજર ન રહેતા કોર્ટે આસારામની ગેરહાજરીમાં જ કેસ કમિટ કરી દીધો છે. ઉલ્લેખનીય છે કે દુષ્કર્મ કેસની તપાસ કરી રહેલી સીટે થોડા સમય પહેલા ગાંધીનગર કોર્ટમાં ચાર્જશીટ કરી હતી. ગાંધીનગર કોર્ટે ભૂતકાળના ના એક ચુકાદાને આધાર બનાવી આસારામ સામે કેસ કમિટ કરી સેશન્સ કોર્ટમાં ટ્રાન્સફર કર્યો હતો.

અમદાવાદ સ્થિત મોટેરા ખાતે આવેલ આસારામ આશ્રમમાં દુષ્કર્મનો ભોગ બનેલ યુવતી દ્વારા થયેલ કેસમાં આજે ગાંધીનગર કોર્ટમાં આસારામ બાપુની અનઉપસ્થિતિમાં કેસ કમિટ થયો છે. ચાંદખેડા પોલીસમાં નોંધાયેલા દુષ્કર્મ કેસની કમિટલ પ્રક્રિયા માટે હાજર રહેવા આસારામ બાપુને પાંચ વાર સમન્સ પાઠવવામાં આવ્યા હતા પરંતુ રાજસ્થાનની સગીરા પર દુષ્કર્મના કેસમાં આસારામ જોધપુરની જેલમાં હોવાથી ગાંધીનગર કોર્ટે જોધપુર જેલ સત્તાધીશોને આસારામને હાજર કરવા સમન્સ પાઠવવામાં આવ્યા હતા.

જોધપુર જેલ સત્તાધીશોએ આસારામની બીમારી તથા જાપ્તાનો અભાવ હોવાનું કહી આસારામને હાજર કરાયા ન હતા. આસારામે ચાર્ટડ પ્લેનમાં આવવા માટે કોર્ટને અરજી મારફત જણાવ્યું હતું પણ સીટે તેનો વિરોધ કર્યો હતો તેથી આસારામને રોડ માર્ગેથી જોધપુરથી ગાંધીનગર લાવવા સુચવ્યું હતું. ખાસ સરકારી વકીલ આરસી કોડકેર આરોપી હાજર ન રહે તો કોર્ટ જાતે નિર્ણય કરી શકે છે. તેવો કર્ણાટક હાઈકોર્ટનો ચુકાદો ટોક્યો હતો તેથી ઉપરોક્ત ચુકાદાને આધાર બનાવી કેસ કમિટ કરવામાં આવ્યો હતો.

# રાજ્ય મંત્રી મંડળની આજે મળનારી બેઠકમાં કૃષિ મહોત્સવ કાર્યક્રમને આખરી ઓપ અપાશે

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને આવતીકાલે પ્રથમ કેબીનેટ મળનારી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય મંત્રી મંડળની બેઠક બુધવારે યોજવામાં આવે છે. પરંતુ ૨૮મીથી રાજયમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ થનારો હોઈ મંત્રીમંડળની બેઠક આવતીકાલે રાખવામાં આવી છે.

આવતીકાલે સવારે રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાને નવરચિત રાજય સરકારની પ્રથમ કેબીનેટ મળનારી છે. આ બેઠકમાં ૨૮મીથી શરૂ થનારા કૃષિ મહોત્સવને સફળ બનાવવા અને તમામ જિલ્લા તાલુકા મથકોએ કૃષિ રથને પ્રસ્થાન કરાવીને રથ સાથે રહેવા માટે મંત્રીઓને જવાબદારી સોંપીને માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે પ્રથમવાર મંત્રી મંડળની બેઠક મળનારી છે ત્યારે આ બેઠકમાં રાજય સરકાર દ્વારા કેટલાક મહત્વના નિર્ણયો પણ લેવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કૃષિ મહોત્સવ માટે તમામ મંત્રીઓને જિલ્લાઓની જવાબદારી સોંપવામાં આવી હોઈ આવતીકાલે મળનારી કેબીનેટ બેઠક બાદ મંત્રીઓ જિલ્લાના પ્રવાસે જનાર હોઈ ચાર દિવસ સચિવાલયમાં મંત્રાલયો મંત્રી વિહોણા બનશે.

## શબ્દાવલી - ૫૪૦૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | |
| ■ | ૬ | | ૭ | | ■ | | ■ |
| ૮ | ■ | ૯ | | ■ | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | | ■ |
| ૧૪ | | ■ | ૧૫ | | | ■ | ૧૬ |
| | ■ | ૧૭ | | | | ■ | |
| | ■ | ૧૮ | | ■ | ■ | ૧૯ | |
| ■ | ૨૦ | | ■ | ૨૧ | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. પરોઢ, બડી ફજર (૩)
૪. તેજ, ધારવાળુ (૪)
૬. ખોટ (૪)
૯. ટાઈલ્સ (૨)
૧૦. માનપ્રદ, ઓનરરી (૩)
૧૧. પોલીસ ડ્રેસ (૩)
૧૩. કાંટાળુ એક દાતણનું ઝાડ (૩)
૧૪. ખાવાનું લાકડું (૨)
૧૫. નાકાવેરો, કર (૩)
૧૭. એક પક્ષી ઘૂ..ઘૂ..ઘૂ.. કરે(૪)
૧૮. નશીબ, ભાગ્ય (૨)
૧૯. પીડા, તકલીફ (૨)
૨૦. હિંમત (૨)
૨૧. જનની (૧)
૨૨. સંઘરી રાખેલ મઢ્ઢુ, મિસર (૨)

### ઊભી ચાવી

૨. સૂર્ય, ભાસ્કર (૩)
૩. જલ્દી તુટી કે ભાંગી જાય તેવું (૪)
૪. ધાન્ય, અવાજ (૨)
૫. વનમાં એની મેળે સળગતો અગ્નિ (૪)
૭. લગ્ન, વિવાહ (હિન્દી)(૨)
૮. અવતરવું તે (૫)
૧૦. મા-બાપ, પિયર (૪)
૧૨. ... કણ, ધૂળ (૨)
૧૩. બાકી રાખવું તે (૩)
૧૫. ... વિજળી... (એક બાળગીત) (૩)
૧૬. કાનુડાનો જન્મદિન (૪)
૧૭. લેખણ, પેન (૩)
૧૯. ઓછું, જરાક (૨)

## શબ્દાવલી ૫૪૦૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) વાદવિવાહ (૬) વાસ (૮) હવાલદારી (૯) યોગસૂત્ર (૧૧) હમામ (૧૪) લલના (૧૫) નરક (૧૯) કચૂંબર (૨૦) સિલ (૨૨) કણબી (૨૩) રતવા (૨૪) ફુલ

**ઊભી ચાવી :-** (૧) વાહ વાહ (૨) દવા (૩) વિલ (૪) વાદા (૫) દરીયો (૭) સર્વત્ર (૧૦) ગગનચુંબી (૧૨) માલ (૧૩) મલમ (૧૬) રબ (૧૭) કરતાલ (૧૮) તાસિર (૧૯) કણકી (૨૧) લત

## મોદીની તાજપોશી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતા. સૌથી મહત્વપૂર્ણ બાબત એ રહી હતી કે પક્ષના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ સંસદીય દળના નેતા તરીકે મોદીના નામની દરખાસ્ત મુકી હતી. ત્યારબાદ આને તમામે સમર્થન આપ્યું હતુ. ભાજપ સસંદીય દળની બેઠક બાદ એનડીએની બેઠક યોજાઇ હતી. જેમાં મોદીના નામ પર સહમતી બની હતી. સરકારી સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે મોદીની શપથવિધીને નિહાળવા માટે આશરે ૪૦૦૦ ભારતીય અને વિદેશી પ્રતિનિધી પહોંચ્યા હતા. જેથી રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં આ વિધીને સુરક્ષિતરીતે પાર પાડવા માટે સુરક્ષા સંસ્થાઓની મોટી જવાબદારી રહેશે. એક અંદાજ મુજબ આશરે ૧૦૦૦૦ જવાનો માત્ર રાષ્ટ્રપતિ ભવનની આસપાસ તૈનાત કરવામાં આવ્યા હતા. પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ નરેન્દ્ર મોદીની શપથવિધીમાં ભાગ લેવા માટે સંમત થઈ જતાં વિશ્વભરમાં ઉત્સુકતા વધી ગઈ હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધોમાં એક નવા યુગની શરૂઆત પણ થઈ શકે છે. નવાઝ શરીફે નરેન્દ્ર મોદી દ્વારા મોકલવામાં આવેલા આમંત્રણને સ્વીકારી લેવાની વાત પાકિસ્તાને કરી છે. પાકિસ્તાનના વડાપ્રધાનના સલાહકાર સરતાજ અઝીઝે આની જાહેરાત કરતા કહ્યું હતું કે નવાઝ શરીફ ૨૬મી મેના દિવસે યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેશે. જીઓ ટીવીએ માહિતી આપતા કહ્યું છે કે નવાઝ શરીફનો પ્રવાસ ટુંકો રહેશે પરંતુ આ ગાળા દરમિયાન નવાઝ શરીફ નરેન્દ્ર મોદીની સાથે ૨૭મી મેના દિવસે દ્વિપક્ષીય વાતચીત કરે તેવી સંભાવના દેખાઈ રહી છે.

## ટ્રાફિક વ્યવસ્થા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રસ્તો ચાલુ રહેશે). અડાલજ સાબરમતી અમદાવાદ જવા વાહનો ચાલકોએ ઉવારસદ ચાર રસ્તાથી ડાબી બાજુ જવાનું રહેશે. કલોલ જવા વાહન ચાલકોએ પુલ ઉતરી મહારાજા હોટલ પાસેથી જમણી બાજુ જવાનુ રહેશે.

અડાલજ સાબરમતી અમદાવાદ તરફથી આવતા વાહન ચાલકોએ અમદાવાદ સરખેજ જવા માટે અડાલજ ચાર રસ્તાથી આગળ જઈ ડાબી બાજુ વળી મહારાજા હોટલ તરફ થઈને જવાનું રહેશે (હાલની હયાત સ્થિતિ મુજબ જ રસ્તો ચાલુ રહેશે) ગાંધીનગર જવા માટે અડાલજ ચાર રસ્તાથી ઉવારસદ ચાર રસ્તા થઈ જમણી બાજુ હાઈવે પર જવાનું રહેશે. (હાલની હયાત સ્થિતિ મુજબ જ રસ્તો ચાલુ રહેશે). કલોલ તરફ જવા માટે અડાલજ ચાર રસ્તાથી મહારાજા હોટલથી સીધા ત્રિમંદિર (આર વર્લ્ડ) તફર જવાનું રહેશે.

કલોલ તરફથી આવતા વાહન ચાલકોએ ગાંધીનગર તરફ જવા માટે શનિ દેવ મંદિર થઈ હાઈવે પર ઉવારસદ ચાર રસ્તાથી સીધા જવાનું રહેશે. અમદાવાદ સરખેજ જવા માટે ત્રિમંદિરથી મહારાજા હોટલ તરફ થઈ જમણી બાજુ જવાનું રહેશે. અડાલજ સાબરમતી અમદાવાદ જવા માટે શનિદેવ મંદિર થઈ હાઈવે પર થઈ ઉવારસદ ચાર રસ્તા થઈ અડાલજ ચાર રસ્તા તરફ જવાનું રહેશે.

## પાણીની બુમરાણ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

એક સપ્તાહથી ગરમીનો પારો ચડતા આકરા ઉનાળે સેક્ટરોમાં પાણીની બુમ ઠવા પામી છે. પાણીની જરૂરિયાત સંતોષવા હાલ ૫૫ એમ. એલ. ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. તંત્ર દ્વારા ગરમીને ધ્યાને લઈ સપ્લાયનું પ્રમાણ વધારી દેવામાં આવ્યું છે. નવા સેક્ટરોમાં ખાસ કરીને સે.૩, ૪,૫માં પાણીની બુમ ઉઠવા પામી છે.

## સમારોહની સાથે સાથે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

- દિલ્હીમાં શપથવિધીની તમામ તૈયારી કરી લીધી હોવાનો દિલ્હી પોલીસે દાવો કર્યો
- પ્રજાસત્તાક દિવસ કરતા વધારે મજબુત સુરક્ષા વ્યવસ્થા
- નવી દિલ્હીમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી,
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાત આરસીઆર જસે નહી, આવતીકાલે આઠ વાગે પદભાર સંભાળશે
- બિહારના નવા મુખ્યપ્રધાન જીતન રામ હાજરી ન રહ્યા
- શપથવિધીને લઈને મજબુત સુરક્ષા, ગુજરાત ભવનની બહાર બીએસએફ જવાનો તૈનાત રહ્યા
- હાઈ પ્રોફાઈલ શપથવિધીને લઈને પોલીસ સાવધાન રહી
- ૬૩ વર્ષીય મોદી એવા પ્રથમ વડાપ્રધાન હશે જે સ્વતંત્ર ભારતમાં જન્મયા છે
- સમારોહમાં કુલ ૪૦૦૦ મહેમાનો ઉપસ્થિત રહ્યા
- કાર્યક્રમને ધ્યાનમાં લઈને રાષ્ટ્રપતિ ભવનમાં ચારે બાજુ મજબુત સુરક્ષા વ્યવસ્થા
- કોઈ વડાપ્રધાન રાષ્ટ્રપતિ ભવનમાં શપથ લેશે તેવો આ ત્રીજો બનાવ છે
- અગાઉ ચન્દ્ર શેખર, વાજપેયી પણ આ રીતે શપથ લઈ ચુક્યા છે
- સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પણ શપથવિધીમાં ભાગ લેવા માટે પહોંચ્યા
- પાકિસ્તાની જેલમાં માર્યા ગયેલા ભારતીય કેદી સરબજીતની બહેન દલબીરે પણ વિરોધ કર્યો
- શપથવિધીમાં નવાઝ શરીફને બોલાવવાથી શિવ સેવા ભારે નારાજ, જયલલિતાએ રાજપક્ષેને બોલાવવાનો વિરોધ કર્યો
- શપથવિધીમાં નવાઝ શરીફને બોલાવવાથી શિવ સેવા ભારે નારાજ, જયલલિતાએ રાજપક્ષેને બોલાવવાનો વિરોધ કર્યો
- શપથવિધીમાં પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ, શ્રીલંકાના પ્રમુખ મહિન્દા રાજપક્ષે સહિત અનેક સાર્ક વડા ભાગ લેશે
- શપથવિધીમાં બોલિવુડ સ્ટાર અમિતાભ બચ્ચન, રજનિકાંત , લતા મંગેશકર અને રેખાને પણ ભાગ લેવા માટે આમંત્રણ છતાં ન પહોંચ્યા

## શૈક્ષણિક સાધનો મોંઘા બન્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પુસ્તકોની ખરીદી કરવી ફરજીયાત બનતી હોય છે અને નવા દાખલ થનાર વિદ્યાર્થીઓએ આ જ વસ્તુને અનુસરવું પડે છે. મોંઘી ફીની સાથે સાથે હવે વાલીઓને મોંઘી સ્ટેશનરી યુનિફોર્મ, પાઠય પુસ્તક સહિતનો ભાવ વધારો પણ સહન કરવો પડશે.

વિદ્યાર્થીઓ માટે મનગમતા કંપાસબોકસ, લંચબોકસ અને વોટર બોટલમાં વિશાળ રેન્જ ઉપલબ્ધ કરવામાં આવી છે જેમાં પણ ભાવવધારાની અસર જોવા મળી રહી છે. હાલના સમયમાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે આવી ચીજવસ્તુઓ તરફ વધારે આકર્ષિત થયેલા હોય છે ખાસ કરીને નાના ધોરણના વિદ્યાર્થીઓ આવી વસ્તુઓની ડિમાન્ડ વધારે કરતા હોય છે ત્યારે પ્લાસ્ટીકમાં ભાવ વધારાના પગલે આ ચીજવસ્તુઓમાં પણ ભાવવધારાની અસર જોવા મળી રહી છે.

આજનો યુગ સ્પર્ધાત્મક બની ગયો છે. શિક્ષણમાં વિદ્યાર્થીઓ સ્પર્ધાના યુગમાં જીવી રહ્યા છે. ત્યારે વાલીઓ પોતાના બાળકોનું ભવિષ્ય શ્રેષ્ઠ બને તે માટે સારી શાળાની પસંદગી કરતા હોય છે તેની સાથે સાથે બાળકોના અભ્યાસ સાથે કોઈ પણ બાંધછોડ કર્યા વગર અન્ય ખર્ચમાં કાપ મુકીને બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવા તત્પર બન્યા છે.

ત્યારે વાલીઓને મોંઘા શિક્ષણ વચ્ચે શૈક્ષણિક ચીજવસ્તુઓમાં ભાવ વધારાનો માર પણ સહન કરવો પડશે. મોંઘી નોટબુક અને પાઠય પુસ્તક તો વળી ઉંચી ફી છતા તમામ આર્થિક બોઝને સહન કરીને વાલીઓ નવા શૈક્ષણિક વર્ષમાં પોતાના બાળકો માટે ખરીદીમાં વ્યસ્ત બની ગયા છે. મોંઘવારીના યુગમાં હવે વિદ્યાર્થીઓનું શિક્ષણ પણ સતત મોંઘુ બનતું જઈ રહ્યું છે.


**ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા**
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર

**જાહેર નિવિદા**

સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે સલામતિ સેવા પુરી પાડવાના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાના કામ માટે રસ ધરાવતા ઠેકેદારો પાસેથી ઈ-ટેન્ડર પદ્ધતિથી કાર્યપાલક ઈજનેરશ્રી (મરામત અને નિભાવણી) ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા અંદાજિત રકમ : ૮,૧૫,૫૧૨.૨૦ના ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૧૮/૩/૨૦૧૩ છે. ટેન્ડર ફી રૂ. ૯૦૦/- તથા બાનાની રકમ રૂ. ૮૨૦૦/- રાખવામાં આવેલ છે. ટેન્ડરના ટેકનીકલ બીડનું ઓપનીંગ તા. ૨૦/૬/૨૦૧૪ના રોજ ૧૨.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. ટેન્ડર ડોક્યુમેન્ટ ફીઝીકલ ફોર્મમાં અપલોડ કરવાની તથા આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી કચેરીને મોકલવાની તારીખ : ૧૨/૬/૨૦૧૪ થી ૧૯/૬/૨૦૧૪ના મુકરર કરવામાં આવેલ છે. ટેન્ડર અંગેની વધુ માહિતી wwww.nprocure.com પરથી ટેન્ડર ID-146139 ઉપર મુકવામાં આવેલ છે. આ અંગેની વિસ્તૃત વિગતો અને શરતોને આધિન માહિતી ઉપરોક્ત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહે છે અને તે સર્વેને બંધનકર્તા રહેશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા કે રદ કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરને અબાધિત રહેશે.

માહિતી/૧૫૫/૧૪-૧૫